"દિગંબર જૈન" પત્રનો આ અંકનો વધારો.

દિગંબર જૈન ગ્રંથમાળા નં. ૧૮.

॥ श्री परमात्मने नमः ॥

शुं ईश्वर जगत्कर्ता छे?

હિંદી ઉપરથી અનુવાદક અને પ્રકટકર્તા,

મુળચંદ કસનદાસ કાપડીઆ,
ઑ. સંપાદક, "દિગંબર જૈન"-સુરત.

વડુ (પાદરા) નિવાસી સ્વર્ગવાસી શા. કેવળચંદ તલકચંદના સ્મરણાર્થે તેમના ભાઇ રાયચંદ તરફથી "દિગંબર જૈન" પત્રના ગ્રાહકોને છઠ્ઠા વર્ષમાં (સાતમી) ભેટ.

શા. ખુ. અ. ના જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મટુભાઇ ભાઇદાસે છાપ્યું ખપાટીઆ ચકલા-સુરત.

પ્રથમાવૃત્તિ. વીર સંવત ૨૪૩૯ પ્રત ૨૦૦૦

મુલ્ય-સદુપયોગ.

પ્રસ્તાવના

હાલમાં અજ્ઞાનતાના કારણથી ઘણા લોકોનો વિચાર એવો થઈ ગયો છે કે જૈનલોકો ઇશ્વરને માનતા નથી, જેથી જૈનધર્મ જુઠો અનેનિઃસાર (સાર વગરનો) છે અને એજ કારણથી તેઓ જૈન ધર્મને જાણવાને અથવા જૈનધર્મી બનવાને વિમુખ રહે છે, પરંતુ આ તેઓની મોટી ભૂલ છે. જો ધ્યાનપૂર્વક જોવામાં આવે, તો માલમ પડશે કે જૈનો ઇશ્વર પરમાત્માનો કદીપણ ઇન્કાર કરતા નથી, પરંતુ પરમાત્માને સદા પોતાનો ઉંચો આદર્શ માને છે. જૈનોના દરેક શાસ્ત્રમાં પરમાત્માની સ્તુતિ કરેલી છે, દરેક ગ્રંથની શરૂઆતમાં પરમાત્માની સ્તુતિ ગાઇને નમસ્કાર કરેલા હોય છે અને સેંકડો સ્થાનો ઉપર પરમાત્માને પરમેષ્ઠી, પરમજ્યોતિ, વીતરાગ, સર્વજ્ઞ, હિતોપદેશી, નિરંજન, નિર્વિકાર, સિદ્ધ વગેરે નામોથી જણાવેલા છે.

જેટલા જૈન આચાર્યો થઇ ગયા છે તે સર્વેએ પરમાત્માનુ નિરૂપણ અને તેમના ગુણોનું વર્ણન કરીને તેમને ઉત્તમશિરોમણી બતલાવ્યા છે. સત્ય તો એજ છે કે પરમાત્માનું ઉચ્ચપદ જણાવી જેટલો યથાયોગ્ય આદરસત્કાર જૈનોએ કર્યો છે, તેટલો કોઇએપણ કર્યો નથી. આમ હોવા છતાં પણ જૈનોઉપર ઇશ્વિર ન માનવાનો દોષ મુકવો, એ અન્યાય નહિ તો બીજું શું છે ?

બાબત માત્ર એટલીજ છે કે જૈનો ઇશ્વરમાં એવા ગુણો માને છે કે જેમાં કંઇપણ દોષ ન આવે, તેમની ઉચ્ચતા અને ઉત્તમતામાં વાંધો ન આવે અને તેમના ઉપર સંસારી લોકોની માફક કલંક ન લાગે અર્થાત્ ઇશ્વરને સંસારનો બનાવવાવાળો અથવા નાશકરવાવાળો માનતા નથી.

આ બાબત ઉપર વિચાર કરવાથી ખુલ્લું માલમ પડે છે કે જો ઇશ્વરને સૃષ્ટિનો બનાવવાવાળો માનીએ, તો તેમાં ઘણાજ દોષો ઉત્પન્ન થઇ જાય છે અને જે ગુણોના ધારણકરવાવાળો એને માને છે તે એનામાં ન રહી શકે, તે એટલે સુધી કે એવું માનવાથી ઇશ્વરમાં અને સંસારી લોકોમાં કાંઇપણ તફાવત ન રહે અને સંસારીના જેવો તે પણ રાગી, દ્વેષી અને અજ્ઞાની ઠરે!

આ વિષય ઉપર ઘણાં પુસ્તકો અનેક ભાષાઓમાં લખાઈચુકયા છે તેમજ વર્તમાનપત્રોમાં પણ વારંવાર અનેક લેખો પ્રકટ થઇ ચુકયા છે, પરંતુ તે એટલા મોટા હોય છે કે જેને કર્તાવાદી અથથી ઇતિ સુધી સ્થિર ચિત્ત વાંચતાજ નથી અથવા તો તે એટલા ગુઢાર્થ-વાળા હોય છે કે સાધારણ બુદ્ધિના મનુષ્યો તે સમજતા નથી.

આ કારણોને લીધે આ વિષયનો એક નાનો અને સરળ ભાષા-નો લેખ હિંદીમાં લખીને **'ભારત જૈન મહા મંડળ'** (લખનોર)-ના એક કાર્યવાહક **બાબુ દયાચંદ્ર ગોયલીય જૈન બી૦ એ૦ લલિતપુરવાળાએ ' क्या इश्वर जगत्कर्ता है '**? આ નામનું પુસ્તક આ વર્ષમાં પ્રકટ કર્યું છે, જેનો ગુજરાતી વાંચકોને માટે ગુજરાતી-ભાષામાં ફેલાવો થવાની અત્યંત આવશ્યકતા હોવાથી અમોએ એ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર કરીને આ લઘુ પણ વાંચવા અને વિચા-રવા લાયક પુસ્તક પ્રકટ કર્યું છે અને અમો આશા રાખીએ છીએ કે આપણા ઇશ્વરભક્ત સ્ત્રીપુરૂષો પક્ષપાતને છોડીને આ પુસ્તકને એક વખત પહેલેથી છેવટ સુધી વાંચશે અને ઇશ્વરને કર્તાહર્તા માનવામાં જે જે મુસ્કેલીઓ અને આપત્તિઓ ખડી થાય છે તથા અનેક પ્રશ્નો ઉદ્દ્ભવે છે, તેનું નિરાકરણ પામીને સચ્ચિદાનંદ પરમાત્માને આ દુષ-ણથી (જગત્કર્તાના દુષણથી) મુક્ત કરશે.

વળી આ પુસ્તકનો એકદમ સહેલાઇથી ફેલાવો થઇ શકે, તે માટે એની ૨૦૦૦ પ્રતો પ્રકટ કરવામાં આવી છે અને તે **વડુ** (પાદરા) નિવાસી **સ્વર્ગવાસી શા કેવળચંદ તલકચંદના સ્મરણાર્થે** તેમના ભાઇ **રાયચંદે** મફત પ્રગટ કરવાની જે ગોઠવણ કરી આપી છે, જે માટે તેઓ અત્યંત ધન્યવાદને પાત્ર છે. જો આ મુજબ જુદા જુદા ગૃહસ્થો તરફથી મદદ અપાઇને આવાં નાનાં નાનાં પુસ્તકો મફત પ્રકટ કરવામાં આવતાં રહે, તો અનેક પ્રકારનો લાભ થઇ શકે.

લી० જાતિ સેવક,

મુળચંદ કસનદાસ કાપડીયા

ઑ. સંપાદક, 'દિગંબર જૈન'-સુરત.

શ્રી વીરસંવત ૨૪૩૯
અષાડ સુદ ૧૦
તા૦ ૧૩-૭-૧૩.

નોટ-આ પુસ્તક પોસ્ટેજ માટે માત્ર અડધા આનાની ટીકીટ બીડવાથી હરકોઇ પુરૂષને મફત મોકલી આપવામાં આવશે.

॥ श्री परमात्मने नमः ॥

शुं ईश्वर जगत्कर्ता छे?

" पाठको, खोलो पलक आंखें उघाड़ो देख लो ।
ज्ञानदिनकरका उजाला होगयाहै देखलो ॥
अंधश्रद्धाकी कठिन जंजीरको अब तोड़ दो ।
सत्यकी कर खोज अपना पक्ष झूठा छोड़ दो ॥

ઈશ્વરને સૃષ્ટિકર્તા માનવાવાળા પુરૂષો પોતાના પક્ષને મજબુત કરવાને એમજ કહ્યા કરે છે કે—" ટેબલ—ખુરશી—પાટલી—લેંપ—ટોપી—જોડા—પ્હેરણ—કાગળ—કલમ—શાહી—લાડવા—પેંડા—ખાંડ—મિઠાઇ વિગેરે જેટલી ચીજો દેખીએ છીએ, તે સર્વ કોઇને કોઇની બનાવેલી છે. બનાવ્યા વિના કંઇ બની નથી. એવીજ રીતે આવા મોટા જગતનો પણ કોઇને કોઇ બનાવવાવાળો જરૂર છે. બનાવ્યા વિના બન્યું નથી. એનો બનાવવાવાળો સર્વવ્યાપક, સર્વશક્તિમાન, દયાળુ પરમાત્મા છે."

આ દલીલોના ઉત્તરમાં જણાવવાનું કે—**જો બનાવનાર સિવાય કોઇ ચીજ બની શકતી નથી** અને હરેક ચીજનો બનાવવાવાળો કોઇને કોઇ જરૂર છે, **તો જગતકર્તા ઇશ્વરનો કર્તા કોણ છે ?** તેને કોઇએ બનાવ્યો, તો પછી તેને બનાવવાવાળાને કોણે બનાવ્યો ? આવી રીતે કંઈ પણ અંત આવશે નહિ અને

આખરે સર્વ કોઇને માનવુંજ પડશે કે **કોઇને કોઇએ બનાવ્યા નથી.** અને એમ માનવાની સાથેજ કે "બનાવનારા વિના કોઇ ચીજ બની શકતી નથી" એ સિદ્ધાંત તે મિથ્યા થઈ જશે. જો થોડા વખતને માટે આપનું કહેવું માન્ય કરવામાં આવે કે કોઇના બનાવ્યા વિના કાઇ ચીજ બની શકતી નથી, તો એ પણ જરૂર છે કે તે ચીજને બનાવવાનો કોઇને કોઈ વખત પણ જરૂર હશે કે જ્યારે કારીગરે તેને બનાવી હશે. હવે બતાવો કે જો **ઇશ્વરે જગતને બનાવ્યું, તો તે ક્યારે બનાવ્યું અને કેટલા વખતમાં બનાવ્યું**? "બનાવ્યું" એ શબ્દથી એ જણાય છે કે કોઇ ચીજથી કોઇ ચીજને બનાવી; તેથી બતાવો કે ઇશ્વરે જગતને કેવી રીતે અને કઇ ચીજથી બનાવ્યું? અથવા એમ કહો કે કોઇ ઓજાર–હથીયાર વિગેરેથી પ્રકૃતિ વિગેરે ચીજોને બનાવી, તો પછી તે **હથિયાર અને પ્રકૃતિ વિગેરેને કોણ બનાવ્યાં?** જો ઇશ્વરે પોતે બનાવ્યા. તો **ઇશ્વર નિરાકાર છે કે સાકાર?** જો નિરાકાર કહેશો, તો નિરાકારથી આ સાકાર જગત્ કેવી રીતે બન્યું? સાકારથી સાકાર બને છે પણ **નીરાકારથી સાકાર બની શકે નહિ.** જો ઇશ્વર સાકાર છે, તો તેમાં સંસારી જીવોની સમાન હાથ–પગ–નાક–કાન વિગેરે હોવાં જોઇએ, અને આ હોવાથી ઇશ્વરમાં અને સંસારી જીવોમાં કાંઇપણ ભેદ ન રહ્યો, અને તેજ મુજબ રાગદ્વેષ યુક્ત-ક્રિયા ચર્યાવાળી ઠરી. એ પ્રમાણે આ માટે ઇશ્વર જગત્કર્તા નથી.

આ પછી આ પ્રશ્ન ઊઠે છે કે–**સૃષ્ટિ બનાવવા પહેલાં શું સ્થિતિ હતી?** જો કાંઇપણ નહિ હતું, તો આ જગત્ ક્યાંથી બનાવી દીધું અને ક્યાં બનાવ્યું? પશુ, પક્ષી, સ્ત્રી, પુરૂષ, સૂર્ય,

ચંદ્ર, નદી, પહાડ વિગેરે **ચીજો કયાંથી આવી અને કેવી રીતે આવી? અને જ્યાં તેને રાખવામાં આવી ત્યાં આગળ પહેલાં શું હતું**? શું શુન્ય હતું? જો દયાનંદિયો (આર્યસમાજી) ની માફક એમ કહો કે પ્રલયની પછી ઇશ્વર જગતને કે જે પ્રલયકાળમાં સુક્ષ્મપરમાણુઓની સ્થિતિમાં રહે છે, તેને સ્થુલરૂપમાં બનાવે છે, તો એ બતાવો કે તે કેવી સ્થિતિમાં હતા અને કયાં હતા? જો પૃથ્વિ પર હતા, તો તે પરમાણું અને પૃથ્વી કોણે બનાવી અને કયારે બનાવી? પ્રલયકાળમાં તે પરમાણુ એકજ હતા? કે નાના મોટા હતા? સર્વે સરખા ગુણોના ધારણકરવાવાળા હતા કે ભિન્ન ભિન્ન હતા? **જડ** હતા કે **ચૈતન્ય**? કે કાંઇક જડરૂપ અથવા કાંઇક ચૈતન્યરૂપ? ચૈતન્યનો જડથી સંબંધ હતો કે નહિ? ચૈતન્ય સુખની સ્થિતિમાં હતું કે દુઃખની? **સર્વ જીવોની દશા એક કે જુદી જુદી** હતી? તેમાં અને મુક્ત (મોક્ષના) જીવોમાં ભેદ હતો? વળી પ્રલયની પછી ઇશ્વરે તેને કેવી શીકલ આપી અને તે કેવી રીતે આપી?" શું હાથ પગ વિગેરે ઇન્દ્રિયોથી **કુંભાર સુતારની માફક બનાવ્યું** કે પોતાની જીભથી માત્ર "બની જાઓ" વિગેરે શબ્દ કહી દીધા, જેથી સર્વ ચીજો બની ગઇ. પહાડ પણ બની ગયો, નદી પણ બની ગઇ, સૂર્ય પણ બની ગયો, ચંદ્ર પણ બની ગયો, માણસ પણ બની ગયા અને જાનવર પણ બની ગયું!! જો હાથ પગ વિગેરેથી બન્યું તો **ઇશ્વર હાથ-પગ વિગેરેવાળો સાકાર ઠર્યો** અને આવડા મોટા બ્રહ્માંડને બનાવવામાં તેને કેટલાંક વર્ષો જરૂર લાગ્યાં હશે, કારણકે હાથ-પગ વિગેરેની શક્તિ **પરિમિત** છે. જો કોઇ વચનથી જગત્ બનાવી દીધું, તો તે **શબ્દ કયાંથી નીકળ્યો અને**

કોણે સાંભળ્યો? શું ઇશ્વરને જીભ હતી? અને સુક્ષ્મ પરમાણુ-ઓને કાન હતા કે એણે કહ્યું અને તેણે સાંભળ્યું? આમ બનવું **બિલકુલ અસંભવ અને પ્રત્યક્ષ વિરૂદ્ધ છે.**

હવે સુક્ષ્મ પરમાણુઓમાં એવી શક્તિ કેવી રીતે થઇ ગઇ? જો એમ કહો કે પ્રલયકાળનો સમય પુર્ણ થવા પછી સર્વે ચીજો તેના સ્વાભાવાનુંસાર બનાવી તો પ્રથમ તો એવો સ્વભાવ થવોજ **અસંભવ** છે. જો એમ માન્ય પણ કરવામાં આવે, તો પછી ઇશ્વરે શું કર્યું? **પોતે પોતાની મેળેજ બની ગયા!!!** ઇશ્વિરને પ્રલય પછી જગતનો બનાવાવાળો માને છે તો પ્રથમ તો એવો પ્રલયજ થઇ શકતો નથી કે જ્યારે સંસારની સર્વે ચીજો સુક્ષ્મ-પરમાણુઓની સ્થિતિમાં થઈ જાય અને જેટલા દિવસ સુધી સૃષ્ટિ રહી તેટલાજ દિવસ સુધી આ સ્થિતિ રહી હોય.

ધારો કે કદાચ એમ હોય, તો વર્ષો લાગ્યા વિના, ઈંજીન સંચા થી કામ લીધા વિના અને સેંકડો ઈંજીનિયર મજુરો કામે લગાડ્યા વિના આ જગત બની શકે નહિ અને તેમાં પણ સ્ત્રી, પુરૂષના સંયોગ વગર મનુષ્ય ઉત્પન્ન થઇ શકે નહિ. સુક્ષ્મ પરમાણુઓથી સ્ત્રી પુરૂષોનું થવું અત્યંત **અસંભવ અને પ્રમાણબાધિત** છે. આ વાત **નય પ્રમાણથી** કદી પણ સિદ્ધ થઇ શકતી નથી અને બુદ્ધિજ આ વાત-ને ગ્રહણ કરી શકતી નથી. સાયન્સ એ બતાવી રહ્યું છે કે એવું થવું **પ્રકૃતિનાં નિયમ વિરૂદ્ધ** છે. આથી ચોખ્ખું જણાય છે કે **ઇશ્વર જગતકર્તા નથી.**

બહુ સારૂં, આ વાતને જવા દો, પણ એ તો કહો કે **ઇશ્વરે જગતને શા માટે બનાવ્યું?** ઇચ્છા વિના અગર આવશ્યકતા

વિના કોઇ કાંઇ બનાવતું નથી. જ્યારે આપણને ભૂખ લાગે છે, ત્યારે આપણે ભોજન કરીએ છીએ; જ્યારે ઠંડી લાગે છે ત્યારે કપડાં ઓઢીએ છીએ; એવી રીતે બતાવો કે **ઇશ્વરને શું ઇચ્છા હતી** અગર શેની આવશ્યકતા હતી **કે તેણે જગત્ બનાવ્યું**? જો તેને કાંઇક ઇચ્છા હતી, તો તે કઈ ઇચ્છા હતી? **ઇચ્છા તો રાગી દ્વેષિયોમાં** હોય છે. ઇશ્વર રાગી નથી, તેમજ દ્વેષી નથી ત્યારે તેનામાં ઇચ્છાનું અસ્તિત્વ ક્યાંથી હોઇ શકે? જો ઇશ્વરમાં ઇચ્છાજ હતી અને તે આ વાતની હતી કે લોકો સ્વતંત્રતાપૂર્વક કર્મ કરે અને પુનઃ તેનું ફળ તેને આપવામાં આવે, તો આમાં ઇશ્વરે શું ભલાઇનો વિચાર કર્યો? તે તો **સર્વજ્ઞ** હતા, તેથી જાણતા હતા કે આ લોકો અતિ નિંદ્ય કર્મ કરશે, જેથી તેઓને સ્વતંત્રતા ન આપવી જોઇએ અને એને પેદા કરીને ખરાબ રસ્તા ઉપર ન ચલાવવા જોઇએ.

જો આ અભિપ્રાયથી પેદા કર્યા કે એ લોકો મારી ભક્તિ કરશે, તો **આ ઉદ્દેશ પણ ઇશ્વરત્વને કલંક લગાડે છે.** જેણે તેને બનાવ્યા, તેને **સ્તુતિ** અને **ભકિત**ની શું પરવા હોય? માની લ્યો કે આ ઇચ્છા હતી, તો આ પૂર્ણ ન થઇ? નિત્ય જોવામાં આવે છે કે ઘણા લોક ઇશ્વરની **સ્તુતિ** તો શું, ઉલટી તેને **ગાળો** દે છે અને તેનું નામ પણ લેતા નથી. શું ઇશ્વર સર્વજ્ઞ નહોતા? શું તેને જ્ઞાન ન હતું? જો હતું તો એવું શા માટે કર્યું? જો પોતાની ભક્તિની તેને ઇચ્છા નહોતી, પરંતુ એમને એમજ સૃષ્ટિ બનાવી દીધી કે જોઇએ, લોક શું કરે છે! તો આથી કાંઇ લાભ થયો નહિ? આતો **તમાસો જોવા જેવું થયું.** લોકો મહેનત કરે, દુઃખ વેઠે, ભુખથી મરે અને ઇશ્વર શું ચુપચાપ તમાશો જુવે? આ બિલકુલ જુઠું (મિથ્યા) છે

અને આથી જાહેર થાય છે કે ઇશ્વરે દુનિયા બનાવી નથી. એને બનાવવાવાળો માનવામાં એ રાગી અને દ્વેષી સિદ્ધ થાય છે અને એના સર્વજ્ઞપણામાં દુષણ લાગે છે. વારૂં, એ વાત પણ જવા દો! એ તો બતાવો કે જ્યારે ઇશ્વરે સૃષ્ટિ બનાવી, ત્યારે તેને **આ ઇચ્છા તે સમયે શા માટે થઇ**? એ પહેલાં અથવા પછી એવી ઇચ્છા કેમ ન થઇ? આ પ્રશ્નોનો કાંઈ પણ ઉત્તર નથી, એથી પણ સ્પષ્ટ થાય છે કે **ઇશ્વરે સૃષ્ટિ બનાવી નથી.**

આ બાબતને પણ જવા દો. એ તો બતાવો કે સૃષ્ટિની આદિમાં ઇશ્વરે **પ્રથમ કઈ ચીજ બનાવી**? જીવ બનાવ્યો કે કર્મ? કે બન્ને બનાવ્યા? જો એક બનાવ્યું, તો તેનો બીજાની સાથે સંબંધ કેવી રીતે કર્યો અને કેમ કર્યો? જો બંન્ને સાથે બનાવ્યા, તો પહેલાં શુભકર્મ બનાવ્યા કે અશુભકર્મ બનાવ્યા અને જીવનો કોની સાથે સંબંધ કર્યો? પહેલાં જીવ કેવી સ્થિતિમાં અને કેવા શરીરને ધારણ કરવાવાળા બનાવ્યા અને બાકીના શરીરધારી **કેમ અને કયારે બનાવ્યા**? આપણે પહેલાં કહી ગયા છીએ, તેવી રીતે મનુષ્ય પિતાના **વીર્ય** અને માતાના **રજ**ના સંયોગ વિના ઉત્પન્નજ થઇ શકતો નથી. જો એમ કહેવામાં આવે કે ઇશ્વર **સર્વશકિતમાન** છે, તેણે બનાવી દીધા, તો એ તો બતાવો કે **ઇશ્વરે પોતાની સર્વશકિતથી દુષ્ટ બાબતોને કેમ ન રોકી દીધી? શા માટે ઝેરી જાનવર તથા ત્રાસદાયક દુર્ગંધ મારતી દુઃખ દેવાવાળી ચીજો કેમ બનાવી**? શામાટે હિંસા, જુઠ, ચોરી વિગેરે **પાપકર્મ** દેખવામાં આવે છે? આને શામાટે બંધ ન કરી દીધા? **મદ્ય** વિગેરે ધર્મ કર્મને નાશ કરવાવાળી ચીજોને જાહેરજ શામાટે થવા

દીધી!! આ બાબતોમાં ઇશ્વર પોતાની શક્તિને કામમાં કેમ નહિ લાવ્યો? જો એમ કહેવામાં આવે કે—એ ચીજો ન હોત, તો લોકોને સારાં નરસા કામોનું માલુમ કેમ પડતે? એ તો એટલા માટેજ છે કે લોક આને છોડી ધર્માનુકુળ ચાલે અને ઇશ્વિરને પ્રસન્ન કરે.

મહાશયો! આ કેવી વિચિત્ર વાત છે?! આથી તો એ સિદ્ધ થયું કે ઇશ્વરેજ મનુષ્યોને ખરાબ કાર્યો કરાવ્યાં. હવે બનાવતી સમયે જીવ કર્મ રહિત હતો, અને તે સર્વે રીતે ચોખ્ખો હતો, ત્યારે તેને **શરીરધારી બનાવીને શું લાભ ઉઠાવ્યો?** ઉલટું તેને જીવન. મરણ, રોગ, શોક, દુઃખ, ભયથી હેરાન કરીને સારામાંથી ખરાબ બનાવી દીધા. જો બનાવ્યા, તો **સારી સારી બાબતોનેજ કેમ ન રાખી**? એમાં નુકશાન શું હતું? ખરાબ બાબતોથી હાનિ સિવાય શું લાભ થયો અને તેનો જવાબ આપનાર ઇશ્વિરના સિવાય બીજો કોણ છે? આજ કાલ જોવામાં આવે છે કે ૧૦૦ માં ૮૦ પુરૂષો ખરાબ કામ કરે છે અને ઇશ્વરની આજ્ઞાની વિરૂદ્ધ કાર્ય કરે છે. જે બાજુ જુઓ ત્યાં ભલાઇને બદલે બુરાઇજ થઇ રહી છે. **ઇશ્વર જો ભવિષ્ય વાત જાણતો હતો, તો તેણે શા માટે જાણી બુઝીને બુરાઇ પેદા કરી લોકોને બુરાં કામો-ની તરફ ઝુકાવ્યા** અને લોકોને તેની આજ્ઞાની વિરૂદ્ધ વર્તવા દીધા? જો જાણી બુઝીને કર્યું, તો ઇશ્વર આપણો હિતૈષી નથી અને જ્યારે હિતૈષીજ નથી, તો આપણે તેના ઉપર શા માટે શ્રદ્ધા રાખવી અને તેથી બીજી શું આશા રાખવી? તે તો આપણો શત્રુ થયો! જો લોકો પોતાની ઇચ્છાનુસાર વર્તવા લાગ્યા, તો ઇશ્વરે એવી રીતે કેમ થવા દીધું? **પોતાની શક્તિનો પ્રયોગ શા માટે ન થવા**

દીધો ? જો પ્રયોગ કરતાં પણ લોકોએ માન્યું નહિ, તો **ઇશ્વરની શક્તિ ક્યાં** રહી ? આ એવું માનવાથી તે **સર્વ શક્તિમાન પણ ન રહ્યો**.

ઇશ્વરને હિતૈષી **પૂજ્ય પિતા** કહે છે, પણ તેને કર્તા માનવાથી તે કદાપિ હિતૈષી પિતા થઇ શકતો નથી. **સંસારી હિતૈષી પિતા** સદા પોતાના પ્રિય પુત્રોને ખરાબ કામોમાંથી દુર રાખે છે, રાત દિવસ તેને સુધારવાનો ઉદ્યોગ કરે છે અને તેમાં પોતાની શક્તિ અનુસાર કાંઇક સફળતા દેખે છે, પરંતુ પૂર્ણ સફળતા આ કારણથીજ નથી થતી કે તેની શક્તિ બહુજ થોડી છે. જો તેમાં સર્વશક્તિ હોય, તો તે એક મિનિટમાં પોતાના પુત્રોને ખરાબ માર્ગથી હઠાવી સત્યમાર્ગ પર લઇ આવે, પરન્તુ **પરમાત્મા તો સર્વ શકિતમાન હિતૈષી પિતા** છે, તે તો પોતાની શક્તિથી સર્વ કાંઇ કરી શકે છે, તો આપણને કેમ એકદમ એવી બુદ્ધિ નથી આપતો, કે આપણે સત્વર ખરાબ વાતોને છોડી દઇએ? પણ એવું દેખવામાં આવતું નથી, એથી **એ સિદ્ધ થાય છે કે તે આ કર્તાહર્તાપણાના ઝઘડામાં નથી.** જો છે તો, તે અલ્પ શક્તિધારી અને આપણો દ્વેષી છે, પિતા નહિ પણ **કુપિતા** છે, બલ્કે શત્રુ છે.

જો એમ કહેવામાં આવે કે–ઇશ્વિરે પ્રારંભથીજ જીવોને કર્મ કરવાને માટે સ્વતંત્ર પણ ફળ ભોગવવાને પરતંત્ર બનાવ્યા છે, તો એ બતાવો કે–જીવને જે જ્ઞાન શરૂઆતમાં આપ્યું, તેથી જીવ દુષ્ટ કામોની તરફ વળ્યો, કે દુષ્ટ કામ અને દુષ્ટ બાબતોને દેખીને દુષ્ટ કામ કરવા લાગ્યો ? જો જ્ઞાનથી કહો, તો એવું જ્ઞાન જીવને કેમ આપ્યું ? આનો દોષી જ્ઞાનદાતા અર્થાત્ ઇશ્વર છે. જો અન્ય ચીજોથી એવું

થયું, તો તે ચીજને પણ ઈશ્વરે બનાવી છે, એટલા માટે આ સ્થિતિમાં પણ ઈશ્વરજ દોષિત ઠરે છે! **આથી પણ જાહેર થાય છે કે ઇશ્વરે જગતને બનાવ્યું નથી.**

જો એમ કહેવામાં આવે કે જીવ પ્રકૃતિ આદિ છે. ઇશ્વરે એને બનાવ્યો નથી, પણ કર્માનુસાર જીવને સારૂં કે ખરાબ શરીર આપ્યું અને તેને સુખ દુઃખ પહોંચાડયું. આથી સિદ્ધ થાય છે કે સૃષ્ટિ જે જીવ અને પ્રકૃતિ આ બે ચીજોનોજ સમુદાય છે, તે અનાદિથી છે. આને કોઈ ઇશ્વરે બનાવ્યા નથી. જો એમ કહેવામાં આવે કે પ્રલયની પછી જીવ પ્રકૃતિને આકાર આપ્યો, તો ફરીને એજ પ્રશ્ન ઉઠે છે કે **આકાર આપવા પહેલાં શું સ્થિતિ હતી**, ? તે આકાર કેવી રીતે આપ્યો? અને કેમ આપ્યો?

આ પણ જવા દો, **હવે ફળ કેવી રીતે આપે છે, તે જરા જોઈએ.** જો એમ કહેવામાં આવે કે ઇશ્વર કર્માનુસાર જીવોને ફળ આપે છે, તો એ બતાવો કે ફળ બરાબર કર્માનુસારજ આપે છે કે દયા કરીને કે ક્રોધ કરીને, તેમાં ન્યુનાધિક કરી શકે છે યાતો કરે છે? જો ન્યુનાધિક ન કરીને બરાબર કર્માનુસારજ આપે છે, તો તે **કર્મને આધિન થયું** અને તેની ઉત્તમતા અને સર્વશક્તિપણામાં દૂષણ લાગ્યું અને તેથી સ્તુતિ વિનતિ પ્રાર્થનાદિ **સર્વ વ્યર્થ** ઠર્યું, કારણકે ઇશ્વર તો જેવું કર્મ કરશે, તેવુંજ ફળ આપશે, તો પછી પ્રાર્થના વગેરે કરીને આપણો વખત નિરર્થક શા માટે ખોવો જોઇએ? અને તેવી એક પ્રકારની ચિંતા શા માટે રાખવી જોઇએ? જો ઇશ્વર કર્મ ફળને ન્યુનાધિક કરી શકે અને કરે, તો તે **અન્યાયી** થયો. અને સર્વ આધાર **પ્રાર્થના**દિપરજ

રહ્યો. મોટામાં મોટા પાપો (અધર્મકારક કાર્યો) કરીને પ્રાર્થના કરી કે **ક્ષમા** મળી જશે અને **એવું થવાથી સારા અગર ખરાબ કાર્યોનો કાંઇ પણ વિચાર રહેશે નહિ. આથી સ્પષ્ટ વિદીત થાય છે કે ઇશ્વર ફળદાતા નથી.** ઇશ્વરને ફળદાતા માનવો તે **પ્રમાણબાધિત** અને **યુક્તિશુન્ય** છે, કારણ કે જો ઇશ્વરને કર્મફળદાતા માનવામાં આવે, તો જીવ કર્મ કરવામાં પણ કદાપિ સ્વતંત્ર થઇ શકતો નથી. જેવી રીતે કોઇ જીવે કોઇ એવું કર્મ કર્યું કે જેનું ફળ એ આવે છે કે—તેનાં ધનનો નાશ થઈ જાય, તો એવું થવામાં ઇશ્વર તો કાંઇ સાક્ષાત્ કર્મફળ દેતોજ નથી, પણ કોઇ બીજાની દ્વારા દેવડાવે છે.

માનો કે ઇશ્વરે કોઇ **ચોરને** મોકલીને તેનું ધન ચોરાવી લીધું અગર કોઇ બીજાની દ્વારા કાંઇક કષ્ટ દેવડાવ્યું, જેથી તે જીવને તે કર્મોનું ફળ પ્રાપ્ત થયું. અગર તો ચોર અગર તો કોઇ જેની દ્વારા કર્મનું ફળ મલ્યું, તે ઇશ્વરની આજ્ઞા પાલનથી સર્વથા નિર્દોષ છે, પણ તેને દંડ મળે છેજ. રાજ્યથી પણ દંડ મળે છે અને ખરાબ કાર્ય કરવાના કારણથી ઇશ્વરના પણ અપરાધી ઠરે છે, આવી રીતે **ડબલ સજા** મળે છે.

સંસારમાં રાજાના નોકરને રાજાની આજ્ઞાનુસાર અપરાધીને દંડ કરવાથી કોઇપણ પ્રકારનો દંડ મળતો નથી, પરંતુ ઇશ્વરના કામ કરવાવાળાને મળે છે. **આથી પણ સિદ્ધ થાય છે કે જગતકર્તા અને કર્મફળદાતા ઇશ્વર નથી.**

આ પણ જવા દો. જગતકર્તા માનવાવાલા બંધુઓ ઇશ્વરને **સર્વવ્યાપક** માને છે. અર્થાત્ ઇશ્વર આકાશની માફક સર્વ સ્થળે છે. **એમ**

૭૬૨૫

માને છે. **આ કથનમાં પૂર્વાપર વિરોધ** છે. જો ઇશ્વર સર્વવ્યાપક છે, તો તે જગત્કર્તા કદાપિ હોઇ શકે નહિં, કારણકે હાલ્યાચાલ્યા સિવાય કોઇ કામ થઇ શકતું નથી અને જે સર્વવ્યાપી હોય છે, તે હાલી ચાલી શકતા નથી. જેવું કે આકાશ. કારણકે હાલવા ચાલવા માટે સ્થાનની જરૂરત હોય છે અને સર્વવ્યાપક હોવાથી કશે પણ સ્થાન રહેતું નથી. જો ઇશ્વરને કર્તા માનો અને તેના સર્વવ્યાપકપણા-ને ના પાડો અથવા ઇશ્વરને સર્વવ્યાપક માનો અને જગત્કર્તાની માન્યતા છોડી દો. બન્ને એક બીજાથી વિરૂદ્ધ બાબતો ઇશ્વરમાં રહી શકતી નથી. **આથી પણ સિદ્ધ થયું કે ઇશ્વર જગત્કર્તા નથી.**

આ ઉપરાંત જ્યારે ઇશ્વરને જગત્કર્તા અને સર્વવ્યાપી બન્ને માનો છો, તો દાનપુણ્યકરવાવાળો પણ ઇશ્વર થયો અને લે-વાવાળો પણ ઇશ્વરજ થયો. આવી રીતે લેવા દેવામાં કાંઇ ભેદ ન રહ્યો. ઇશ્વરે પોતાનું દાન આપ લે કર્યું. આથી તો દાન વિગેરે કરવુંજ વ્યર્થ થયું. એવીજ રીતે મારવાવાળો પણ ઇશ્વર છે અને મરવાવાળો પણ ઇશ્વર છે. આથી ઇશ્વરે ઇશ્વરને માર્યો. કોઈ કોઇનો શત્રુ મિત્ર ન રહ્યો. ચોર જ્યારે ચોરી કરે છે, તેમાં પણ ઇશ્વર છે. વ્યભિચારી જ્યારે વ્યભિચાર કરે છે, તેમાં પણ ઇશ્વર છે. જો એમજ છે, અને એક ઇશ્વર સર્વ જગ્યાએ છે, તો **ચાંડાલ, રાજા વિગેરેને ઉંચા નીચા કરવાની શું જરૂર?** આ વાત ખુલ્લી છે અને આથી જાહેર થાય છે કે **ઇશ્વર જગત્કર્તા કદાપિ નથી અને જ્યારે કર્તા નથી ત્યારે હર્તા પણ થઇ શકતો નથી.** જો વિચાર કરીને ઇછીએ જોએ, તો ઇશ્વરને જગત્કર્તા માનવામાં **અનેક શંકાઓ** **ઉઠે છે અને સેંકડો પ્રશ્નો** પેદા થાય છે. તેના સર્વે ગુણો નષ્ટ

થઇ જાય છે તે સર્વજ્ઞ રહી શકતો નથી, હિતોપદેશી રહી શકતો નથી, તેમજ સર્વશક્તિમાન કે સર્વવ્યાપી રહી શકતો નથી, પણ રાગી, દ્વેષી, સંસારી મનુષ્યોની સમાન **પરિમિત** (હદવાળી) શક્તિ અને જ્ઞાનના ધારી ઠરે છે, એવું માનવું તે એક પ્રકારનો **ઇશ્વરનો અવિનય** કરવા બરાબર અને તેને ગાળોદેવા સમાન છે. એ પ્રમાણે **ઇશ્વર કદાપિ જગતકર્તા નથી** અને તેને જગતકર્તા ન માનવામાં કોઇપણ જાતનો દોષ પણ નથી. **વિજ્ઞાન શાસ્ત્ર** આ વાતને સ્પષ્ટ બતાવી રહ્યું છે અને અનુભવ કરીને બતાવી રહ્યું છે કે **સંસારમાં જેટલી ચીજો બને છે તે સર્વ પોતેજ એક બીજાના મળવાથી અને પોતપોતાના વીર્યપ્રભાવ અથવા સ્વભાવથી બને છે.** એ ચીજોને મેળવવાથી ત્રીજી ચીજ બની જાય છે. અને વખતો વખત તેની આકૃતિ બદલાતી રહે છે. **કોઈ ચીજનો નાશ થતો નથી અને કોઇ નવી પેદા થતી નથી**. એક ચીજનું બદલાઇ જવું તે બીજી ચીજને પેદા કરે છે અને તે બદલવાવાળી વસ્તુનો નાશ થયો કહેવાય છે, પણ તે ચીજનો ગુણ ગમે તેવી સ્થિતિ થઈ જાય, તોપણ કદાપિ બદલાતો નથી. તે હંમેશાં જેમ હોય તેમ રહ્યા કરે છે. **આજ દ્રવ્યનું લક્ષણ છે** અને આ લક્ષણધારી જીવ, અજીવ, એ બે દ્રવ્ય **આનાદિ કાળથી** આ સંસારમાં હયાતિ ધરાવે છે. **જીવ અજીવ (જડ)થી મળેલો છે** અને એજ મુજબ દારૂ વિગેરે જડ ચીજોના પીવાથી નિશો ચડે છે અથવા તાકાત આપવાવાળી-ચીજના ખાવાથી શરીરમાં તાકાત આવે છે. જો કે મદિરા અને તાકાત આપવાવાળી ચીજોની આ ઇચ્છા હોતી નથી અને તેને આ વાતનું જ્ઞાન પણ હોતું નથી. આવીજ રીતે **જીવ જડ (પુદ્‌ગલ)થી**

મળેલો છે અને પોતાના મનના શુભ અશુભ વિચારો, જીભથી નીકળેલા કડવા મીઠા શબ્દો અને શરીરથી કરેલા અને કરાવેલા સારા નરસા કામોને લીધે પુદ્દગળરૂપ કર્મોને પોતાની તરફ ખેંચે છે. અને કષાયાનુસાર તેને તે પ્રકારે પરીણમાવે છે. જેમ આગથી તપાવેલો લોઢાનો ગોળો પોતાના ઉપર પડેલા પાણીને પોતાના તરફ ખેંચીને પોતાનામાં મેળવી લે છે, તેમજ ઉપલી બાબતમાં સમજવું. **જીવનો અને કર્મરૂપ પુદ્દગળનો આ અરસપરસ સંબંધ થવાને બંધ** કહે છે. આ બંધાયલાં કર્મો કષાય (ક્રોધ માન માયા લોભ) મુજબ સારાં કે ખરાબ ફળ આપવાને સમર્થ થાય છે. ફળ ભોગવવામાં કોઇપણ ઇશ્વરની આવશ્યકતા નથી.

હવે માત્ર પેદા [ઉત્પન્ન] કરવાની વાત રહી, તો આપણે પહેલા કહી ગયા છીએ કે કોઇપણ ચીજ એવી રીતે થઇજ નથી કે તેનો પહેલા અભાવ હતો અને પછી સદ્દભાવ થઈ ગયો હોય. જીવ અજીવના સિવાય સંસારમાં કોઇ ચીજ નથી. તે શાશ્વત (કાયમ) છે અને શાશ્વતજ રહેશે. **જીવનો અનાદિ કાળથી કર્મોની સાથે સંબંધ** છે અને આ કારણથી તે સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે અને જ્યાં સુધી આ કર્મોનું બંધન દૂર નહિ થાય, ત્યાં સુધી તે સંસારમાં રખડયા કરશે. બંધન દૂર થઇ ગયા પછી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થશે અને તે પરમાત્માપદને પહોંચી જશે. આ દશાને પહોંચવું એ જીવ માત્રનો ઉદ્દેશ છે અને તેમાટે ઉપાય કરવો. એ તેનું કર્તવ્ય છે.

હવે હું આ બાબતને અધિક લંબાવવા ચાહતો નથી. માત્ર એટલું કહીને આ લેખને સમાપ્ત કરૂં છું કે ઈશ્વરને સૃષ્ટિનો કર્તા હર્તા માનવો તે સર્વથા અસત્ય છે અને અનંત

ગુણોને ઓછા કરવા સમાન છે. ઇશ્વરમાં કર્તાહર્તાનું જરા પણ દુષણ નથી. તે કર્મ ફળરહિત શુદ્ધ આત્મા છે, અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ, અને અનંત વીર્યના ધારી છે. અને ક્ષુધા, તૃષા, જન્મ, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, ખેદ, સ્વેદ, રાગ, દ્વેષ વિગેરે દોષોથી રહિત છે. મતલબકે સાચો ઇશ્વર તેજ છે કે જે—

न द्वेषी हो न रागी हो, सदानंद वीतरागी हो ।
वह सब विषयोंका त्यागी हो, जो इश्वर हो तो ऐसा हो ॥१॥
न खुद घटघटमें जाता हो, मगर घटघटका ज्ञाता हो ।
वह सत् उपदेश दाता हो, जो इश्वर हो तो ऐसा हो ॥२॥
न करता हो न हरता हो, नहीं अवतार धरता हो ।
मारता हो न मरता हो, जो इश्वर हो तो ऐसा हो ॥३॥
ज्ञान के [१]नूर से पूरनुर हो, जीसका नहीं [२]सानी हो ।
सरासर नूर नूरानी, जो इश्वर हो तो ऐसा हो ॥४॥
न क्रोधी हो न कामी हो, न दुश्मन हो न [३]हामी हो ।
वह सारे जगका स्वामी हो, जो इश्वर हो तो ऐसा हो ॥५॥
वह जाते पाक हो, दुनियांके झगड़ोंसे [४]मुबर्रा हो ।
[५]आलिमुल गैब हो बे ऐब, जो इश्वर हो तो ऐसा हो ॥६॥
दयामय हो शांतिरस हो, परम वैराग्यमुद्रा हो ।

न [6]जाबिर हो न [7]काहिर हो, जो इश्वर हो तो ऐसा हो॥७॥
निरंजन निर्विकारी हो, निजानंदरसविहारी हो।
सदा कल्याणकारी हो, जो इश्वर हो तो ऐसा हो॥८॥
न जगजंजाळ रचता हो, करमफळका न दाता हो।
वह सब बातोंका ज्ञाता हो, जो इश्वर हो तो ऐसा हो॥९॥
वह सच्चिदानंदरुपी हो, ज्ञानमय शिवसरुपी हो।
आप कल्याणरुपी हो, जो इश्वर हो तो ऐसा हो॥१०॥
जीस इश्वरके ध्यानसेती, बने इश्वर कहै न्यामत।
वही इश्वर हमारा है, जो इश्वर हो तो ऐसा हो॥११॥

૧-પ્રકાશ. ૨-બરાબરનો. ૩-સહાયક. ૪-રહિત. ૫-સર્વજ્ઞ, આગળ પાછળની વાત જાણનાર. ૬-જુલમ કરવાવાળો, અન્યાયી. ૭-ક્રોધી, દુષ્ટ, અન્યાયી.

હાલના દેવો !!!

બંધુઓ ! સારાં પુસ્તકો એટલે શું ? એ તમે જાણો છો ? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો ? ભાઈ, હજુ આપણે એ નથી સમજતા; જો સમજતા હોઈએ, તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે **જ્ઞાન** એ **આકાશ** છે, અને **પુસ્તકો** એ તેમાં શોભી રહેલા **તારાઓ** છે. **જ્ઞાન** એ **સમુદ્ર** છે, અને પુસ્તકો તે એ સમુદ્રનો લાભ લઈ શકાય, તેવાં **વહાણો** છે. **જ્ઞાન** એ **સૂર્ય** છે, અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો **પ્રકાશ** તે **પુસ્તકો** છે. **જ્ઞાન** એ **સોનાની ખાણ** છે, અને **પુસ્તકો** તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસ્તા થાય તેવા **દાગીના** છે. **જ્ઞાન** એ મોટામાં મોટી કિંમતી **નોટો** છે, અને **પુસ્તકો** તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા **ચલણી સીક્કાઓ** છે. **જ્ઞાન** એ વાયુ છે, અને **પુસ્તકો** તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર **પંખાઓ** છે. **જ્ઞાન** એ **અગ્નિ** છે, અને પુસ્તકો તે એ અગ્નિમાંથી પ્રકટાવેલા **દીવા** છે. **જ્ઞાન** એ પૃથ્વિ છે, અને પુસ્તકો તે આપણને રહેવાલાયક **મકાનો** છે. **જ્ઞાન** તે **અનાજનો ભંડાર** છે, અને પુસ્તકો તે **રોટલા** છે. **જ્ઞાન** તે **મેઘ** છે, અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં **માટલાં** છે, અને જ્ઞાન તે સર્વ શક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનિય દેવો છે.

"વિવિધ ગ્રંથમાળા"